સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

પૈસા-નશામાં આડું-અવળું વેતરાઈ જાય છે.
નેતા ચૂંટવામાં મતદાર છેતરાઈ જાય છે
જોતરાઈ જાય છે 'કાર્યકરો' વેંચામે લીધેલા -
ભૂલાય છે સંબંધો નજર કતરાઈજાય છે

હાઈકુ

ભૂંડી ભાષાથી,
હવે ખેલાશે હોળી -
કીલ કાદવે
(હોળાષ્ટક શરૂ)

રાજકારણે -
લાયક ઉમેદવાર,
ગુંડા ને ખૂની
(પક્ષની પ્રથમ પસંદગી)

ચિંતન

મર જાઉં માગું નહીં, અપને તન કે કાજ,
પરમારથ ને કારને, માંગત ન આવે લાજ.

ઉપરોક્ત સાખી 'કહત કબીરા'માંથી લેવામાં આવેલ છે.

કબીર કહે છે કે સાચા સંતો અને પવિત્ર પુરુષો પોતાના પાર્થિવ દેહને ટકાવી રાખવા કોઈ પાસે કશું ન માંગવું એવી ટેક રાખે છે.

કોઈ પાસે કશું માગવા કરતાં તો તેઓ મરવાનું વધારે પસંદ કરે છે પણ અન્યને માટે કે પરમાર્થ માટે માગવાની જરૂર જણાય તો તેઓ પોતે રાખેલી ટેકની અવજ્ઞા કરીને પણ કોઈ પાસે માગતા જરાય શરમ કે સંકોચ રાખતા નથી.

સ્વાર્થ માટે, પોતાની સુવિધા માટે કોઈની પાસેથી કંણ માંગવું નહીં ઓછી જરૂરિયાતથી પણ ચલાવી લેવં સંત-સજ્જનોનો આ સ્વભાવ, નિયમ ટેક હોય છે.

આમ છતાં પરમાર્થ માટે પોતાના બધા જ નિયમ-ટેકને પણ સજ્જનો નેવે મૂકી દે છે.

સુવિચાર

- શુક્ર હૈ ખુદા કા, ઉસને ધોકા ખાને વાલોં મેં રખ્ખા, દેને વાલોં મેં નહી - **આશીષ વિદ્યાર્થી**
- દુનિયા તમારી સામે ઝુકે એવી તાકાત ભગવાન પાસે કયારેય ન માંગશો,
  પરંતુ દુનિયાની કોઈ તાકાત તમને ઝુકાવી ન શકે એવી પ્રભુ ને પ્રાર્થના કરજો - **એસ. ભટ્ટાચાર્ય**
- હું મંદિરે તો માત્ર પ્રાર્થના કરવા જાઉં છું,
  ફરિયાદ કરવા તો મેં ઘરે અરીસો રાખ્યો છે - **રાજેન્દ્ર શાહ**
- ખુલાસો કરવો એ ગુનો નથી ખોટો સમજણને પકડી રાખવી એ ગુનો છે - **ભીખુદાન ગઢવી**
- આપણા સ્મિતથી પરિસ્થિતિ બદલાવવી જોઈએ,
  નાકે પરિસ્થિતિના કારણે આપણું સ્મિત - **પારિજાત પટેલ**
- બધું ઉછીનું હોય તો ચાલે પણ, અનુભવ તો પોતાનો જ હોવો જોઈએ - **ડો. હંસલ ભચેચ**
- આજનું ઔષધ : સરગવાના પાન પીસીને ગુમડા પર લગાવવાથી ગુમડું સરળતાથી મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

આપણે અંગ્રેજોના ગુલામ હતા ત્યારની વાત છે. મહાન સ્વાતંત્ર્ય સેનાની અરવિંદ ઘોષના પિતાની ઈચ્છા હતી કે તેઓ આઈસીએસની પરીક્ષા પાસ કરી મોટા અધિકારી બની જાય. અંદરથી તો અરવિંદનો સંકલ્પ ભારતને આઝાદ કરાવવાનો હતો. પિતાના કહેવાથી તેમણે આઈસીએસની પરીક્ષા આપી તો ખરી. સારા માર્કસથી પાસ પણ થઈ ગયા. ત્યારે ઘોડેસવારીની પરીક્ષા પણ આપવી પડતી. અરવિંદનને ઘોડેસવારી પણ આવડતી હતી. આમ છતાં તેઓ ઘોડેસવારીની પરીક્ષા આપવા ન ગયા. એમના મિત્રોએ એમને આગ્રહ કરીને કહ્યું કે આ ઉત્તમ મોકો ન છોડો અને ઘોડેસવારીની પરીક્ષા આપી અધિકારી બની જાઓ. ત્યારે અરવિંદે એમની ડાયરી બતાવી જેમાં એમણે એક સંકલ્પ લખ્યો હતો. કે ભારતને આઝાદ કરવા માટે શપથ લેવા. મિત્રોને સમજાવવા અરવિંદે કહ્યું, 'ભારતવાસીઓનું લોહી ચૂસનારી આ અંગ્રેજ સરકારમાં મને ઊંચું પદ મળે તો પણ મને કોઈ પરવા નહીં.' માતૃભૂમિ માટે કંઈક કરવા માટે અરવિંદે આઈસીએસ પદનું બલિદાન આપ્યું.

આતંકવાદ માનવીના મનમાં જન્મે છે

તંત્રીસ્થાનેથી...

છેલ્લાં ઘણાં વર્ષોથી વિશ્વ આતંકવાદનો સામનો કરી રહ્યું છે. સૌથી વધારે ભારતને સહન કરવું પડ્યું છે, તેની પ્રતીતિ દુનિયામાં સમૃદ્ધ રાષ્ટ્રોને અમેરિકામાં અલકાયદા દ્વારા ફૂંકી મારવામાં આવેલ ટાવર્સ બાદ જ થવા પામી હતી. ભારતમાં શીખોનાં ત્રાસવાદી જૂથોએ ખાલિસ્તાન ચળવળ ચલાવી એને કાબૂમાં લેવા જતાં તત્કાલીન વડાપ્રધાન ઈંદિરા ગાંધીએ જીવનું જોખમ વહોર્યું હતું. સુવર્ણ મંદિરમાં છુપાયેલા ખાલિસ્તાન ચળવળના અગ્રણી સંત ભિંડરાંવાલેનો ખાત્મો કરવા સેનાને હરમિંદર સાહેબ જેવી પવિત્ર જગ્યામાં પ્રવેશવું પડ્યું હતું. ઈસ્લામિક આતંકવાદનાં વિવિધ સ્વરુપો પ્રગટતાં રહ્યા છે. જેમાં અફઘાનિસ્તાન, ઈરાન, ઈરાક અને સિરિયા ઉપરાંત આતંકવાદના પારણા સમું પાડોશી રાષ્ટ્ર પાકિસ્તાનની કુખ્યાત જાસૂસી સંસ્થા આઈએસઆઈ અને આર્મીના સંરક્ષણ હેઠળ ભારતમાં ઈસ્લામિક આતંકીઓ કાળો કેર મચાવતા રહ્યા છે. પશ્ચિમના દેશોમાં ઈંગ્લેન્ડ અને ફ્રાંસ આતંકવાદનો શિકાર બનતાં રહ્યાં છે. ન્યુઝીલેન્ડ વિશ્વનો સૌથી રળિયામળો દેશ ગણાય છે. પ્રકૃતિની ગોદમાં વસેલા આ શાંત દેશમાં લોહિયાળ આતંકી ઘટના બની અને તે પાછી ફેસબુક પર લાઈવ રજૂ થઈ તે આપણી એકવીસમી સદીની કહેવાતી સુસંસ્કૃત પ્રજાના કપાળ પર કાયમને માટે ટંકાઈ ગયેલી કાળી ટીલી છે. સામાન્ય રીતે આતંકવાદી કાંડો મુસ્લિમોના નામે ચડતી રહી છે. એક સામાન્ય સમજણ પ્રવર્તી રહી છે કે બધા મુસલમાનો આતંકી નથી હોતા પરંતુ બધા આતંકવાદીઓ મુસલમાન જ હોય છે. આ પ્રસ્થાપિત ખ્યાલન ખોટો પાડતી ન્યૂઝીલેન્ડની લોહિયાળ ઘટનામાં ભોગ બનનારા બધા મુસલમાનો છે. જુમ્માની નમાજ અદા કરવા અલ નૂર મસ્જિદમાં ભેગા થયેલા ખુદાના બંદાઓ પર માથાફરેલ ઓસ્ટ્રેલિયન યુવકે બેફામ ગોળીબાર કર્યો અને તે પાછો ફેસબુક પર આખી દુનિયાએ લાઈવ જોયો. એના સાથીએ બીજી મસ્જિદમાં લાશો ઢાળવાનું કામ કર્યું. ન્યૂઝીલેન્ડ જેવા શાંત દેશ માટે આ કલ્પના બહારની આઘાતજનક ઘટના છે. ઓસ્ટ્રેલિયન યુવકે બહુ જ સિફતપૂર્વક આયોજનબદ્ધ ત્રાસવાદી હુમલો કર્યો છે અને એ માટેનું એનું લૉજિક પણ રજૂ કર્યું છે. એને હિટલરથી લઈ ટ્રમ્પ સુધીની વ્હાઈટ ગ્રંથિનો વારસો મળેલ છે. હિટલરનો નાઝીવાદ જરા જુદા સ્વરુપે હજુ પણ ફાલીફૂલી રહ્યો છે એનો આ પુરાવો છે. પોતાની કોમને સૌથી ઊંચી ગણાવતી આ વ્હાઈટ ગ્રંથિઓ જે કાળો કેર વરતાવ્યો છે. એથી આખી દુનિયાની ઊંઘ હરામ થઈ જાય એવું છે. ન્યૂઝીલેન્ડમાં ગોરાઓની વસતિ ઓછા દરે વધે છે અને બહારથી આવી વસેલા મુસલમાનોની વસતિમાં ઉછાળો આવી રહ્યો છે. એની પ્રતીતિ થતાં જ બ્રિટીશ મૂળના ઓસ્ટ્રેલિયન યુવકે દુનિયા આગળ જાણે ગોરી પ્રજાના હિતરક્ષક તરીકે લાલબત્તી ધરી છે. અમારી ધરતી પર તમારો કબ્જો નહીં સહી શકીએ - એવો સ્પષ્ટ સંદેશ આપતી આ લોહિયાળ ઘટના જમણેરી શ્વેત આતંકવાદની સીમાચિહ્ન રૂપ ઘટના તરીકે સદીઓ સુધી યાદ રહેશે. આતંકવાદ માનવીના મનમાં જન્મે છે અને ઊછરે છે એની આથી મોટી સાબિતી બીજી કઈ હોઈ શકે?

દવા વગર દુનિયા હોઈ શકે?

તન દુરસ્તી

મહેન્દ્ર ગજ્જર
ડૉ. દિનેશ રાઠોડ

અરે ભાઈ, જરા દેખ કે ચલો ઉપર ભી નહીં નીચે ભી નહીં, ડાયે ભી નહીં બાયેં ભી નહીં. દુનિયા હે દુનિયા હે ભાઈ, કેમ ભાઈ ભૂખ લાગી છે ? જમવાનું છોડું દીઓધું. કહેવાય છે કે ગુજરાતી ભૂખ્યો થાય એટલે ગયણ ગાય. આ ઉપર તમે જે બોલી ગયા એનો કોઈ મતલબ છે? હા ભાઈ ગુજરાતી મતલબ સિવાય કશું જ કરતો નહીં. આવું વિચારવું એ પણ હિંમત માગી લે એવું છે. પાકિસ્તાનની સરહદમાં જઈને સફળતાપૂર્વક પાછા ફરવું એ જ અગત્યનું છે. કયાં બોમ્બ નાખ્યો અને કેટલા મર્યા એની અગત્યતા નથી એવી જ રીતે દવા વગરનું જગત - દુનિયા એ વિચારવું એન એવું થવું એ અશક્ય કામ છે.

દુનિયા દવા વગર અથવા તો મેડીસીન વગર રહીં જ ના શકે. વર્ષોથી દવાએ મનુષ્યનો સહારો છે. દવા વગર મનુષ્યનું જીવન અશક્ય જેવું ભાસે છે. પહેલાના જમાનામાં ઋષિમુનિઓએ ઔષધિનું સંશોધન કર્યું. કયા રોગમાં કઈ કઈ વનસ્પતિ આપવી એનું સંશોધન આપણા ઋષિમુનિઓ કરીને આપણને બહું મોટી સૌગાત આપી છે. ચરસસંહિતા નામનો ગ્રંથ છે. જેમાં છ થી સાત પ્રકારના ભાગ આપીને આખી દુનિયામાં ડંકો વગાડ્યો છે. ચરકસંહિતા ગ્રંથ વાંચીને સમજીને કાર્ય કરવામાં આવે તો દુનિયામાં એવો કોઈ રોગ નથી જેની કોઈ દવા નથી. અત્યારે જે રોગનું નામ તમે દો અને એ રોગની દવા ચરકસંહિતામાં હોય જ પણ હા એમાં જરૂરિયાત છે સંસ્કૃતની અને તેને સમજનાર માણસની જે અત્યારે કોઈ છે જ નઈ એવું કહી શકાય કારણ કે, ચરક સંહિતાનું સાચું જો જ્ઞાન દુનિયા પાસે હોત તો અલોપેથીક દવાના ઝેરમાંથી આપણે બચી શક્યા હોત. રોજ-રોજ નવા રોગનો જન્મ થાય છે. રોજ રોજ નવી દવાઓનાં પણ જન્મ થાય છે છતાં પણ લોકો દુ:ખી છે.

ગમે તેટલી રોગ પારખવાની શક્તિઓ જન્મે છે. નવા નવા રોગોને પકડવા માટે પેથોલોજી, રેડિયોલોજીમાં રોજ નવી જ પદ્ધતિથી કાર્ય થાય છે છતાં પણ કંઈ ખાસ પરિણામ દેખાતું નથી અને માટે જ હવે આ પરિસ્થિતિમાંથી પાછા ફરવાની જરૂર તમને નથી લાગતું, કે કંઈક ખોટું કરી રહ્યા છે. કોઈ ખોટી દિશામાં આગળ વધી રહ્યા છે. આજની દવાવાળી પદ્ધતિમાંથીમાંથી બહાર નીકળવું જોઈએ. અને અત્યારે જ મને કહેતા આનંદ થાય છે એક નવી પદ્ધતિ જે ભારત દુનિયાને આપવા જઈ રહ્યુ છે. જે 'દવા વગરની દુનિયા' જેને ભોજનની નવી રીત પમ જેના વિશે આવતા અંકથી શરુઆત કરીશું.

મીડિયાની ભાષા : શું ત્રીજું વિશ્વયુદ્ધ કરાવશે ? એક વિચારણા

મોરપીંછના રંગ

ડો. કનૈયાલાલ ભટ્ટ

તા. ૧૪, ફેબ્રુઆરીથી ભારત અને પાકિસ્તાન બન્ને દેશોની પ્રજા એક ફફડાટમાં જીવી રહી છે. બન્ને દેશોનો પ્રજાકીય અને રાજકીય માહોલ એકદમ ચરમસીમા પર છે. બન્ને બાજુથી યુદ્ધ કરવાની ચીખો આવી રહી છે. બન્ને દેશોની સ્કૂલોના નાના નાના વિદ્યાર્થીઓ, કોલેજીયનો કે વૃદ્ધો સૌ કોઈ ભારત –પાકને એકબીજાના કટ્ટર દુશ્મનો ગણીને એકબીજાને ખતમ કરી નાખવા માગે છે. બન્ને દેશની પ્રજા હવે ઈચ્છે છે કે એક વખત તો યુદ્ધ થઈ જ જવું જોઈએ. પ્રજાના માનસમાં આટલી બધી નફરત – મઝહબી ઝેર આવ્યું ક્યાથી ? જે પ્રજા રોજ સવાર સાંજ ઈશ્વરની પૂજા – આરાધના કરે છે કે અલ્લાહની બંદગી કરે છે, એ પ્રજામાં એકબીજા માટેની આટલી નફરતનું કારણ શું ?

જે લોકો છેલ્લા પંદરેક દિવસથી નિયમિત ટી.વી જોતા હશે તો ખ્યાલ આવશે કે બન્ને દેશમાં આવો માહોલ બનાવવા પાછળ સાચી પરિસ્થિતિ, સરકાર કે નેતાઓ કરતાંય મીડિયાનો મોટો ફાળો છે. ખાસ તો મોટાભાગની ટી.વી ન્યૂઝ ચેનલો પોતાની લોકપ્રિયતા વધારવા, ટી.આર.પી વધારવા કે સરકારને પ્રિય થવા માટે જે ઘટના ઘટે છે તે સત્યની આસપાસ નિયત કરેલું બીજું પણ કાલ્પનિક સત્ય ઉમેરીને કે સૂત્રોના જણાવ્યા મુજબ - જણાવીને ઉશ્કેરણીજનક દશ્યો રજુ કરતી જોવા મળે છે.

જ્યારે બે દેશોની પ્રજા યુદ્ધના કગાર પર ઊભી હોય ત્યારે આપણા અખબારો અને ટી.વી ચેનલોની પણ એક વિશિષ્ઠ જવાબદારી હોય છે. પરંતુ આ અખબારોની અને ચેનલોની ભાષા, એમાં પ્રગટ થતા કે દર્શાવાતા સમાચારોનો ખૂબ મોટો પ્રભાવ પડતો હોય છે. પરંતુ આપણી એ કરૂણતા છે કે વાણી સ્વતંત્રતાને નામે આજે મોટાભાગની ન્યૂઝ ચેનલો ઉપર કોઈપણનું કોઈપણ રીતે એન્કાઉન્ટર ચાલતું જ હોય છે.

છેલ્લા કેટલાય વર્ષોથી ટી.વી. ન્યૂઝ ચેનલોનો પ્રભાવ ખૂબ વધી રહ્યો છે. કેમ કે તે ઘેર ઘેર જોવાય છે. અને આપણી ઘણી ચેનલોના પત્રકારો, એન્કરો એવી નફરતભરી ભડકાઉ ભાષા બોલીને ટી.વી.પર એ સંદર્ભના જૂના કે નાટ્યાંતરિત કરેલા દશ્યો બતાવીને પ્રજાના માનસમાં એક ચોક્કસ ઈમેજ ઊભી કરે છે. અત્યારે છેલ્લા થોડા દિવસોથી યુદ્ધની સ્થિતિના સમાચારની ભાષાના થોડા નમૂના જોઈએ તો અભિનંદનની વાપસીના સંદર્ભે '' દુશ્મન કે છક્કે છૂડાનેવાલા અભિનંદન / જૂઠ, મક્કારી પાકિસ્તાન કી નસ નસ મેં ભરી હૈ/ પાક ઘૂંટનો પર આ ગયા/ પાક કે ઘર મેં જા કર પાક કો ધૂલ ચટા દી/ પાક આર્મી કી છાતી પર હિંદુસ્તાની ઝંડા ગાડકર લૌટા હે વીર/ પાક ઔર ઈમરાન કી ઈજ્જત કા ટૂકડે ટૂકડે કર કે લૌટા હૈ વીર/ પાક વાયુસેના કા ગુરુર તોડા, ૫ આવી ઉશ્કેરણીજનક ભાષા ટી.વી.પર ચિલ્લાઈ ચિલ્લાઈને એન્કરો રજુ કરીને પ્રજાના માનસમાં ઉત્તેજના ભરે છે. અને પાકિસ્તાની ચેનલો પણ આવી જ રીતે હિંદુસ્તાન માટે દર્શાવે છે.

કોઈ આતંકી ઘટના ઘટે છે તો ચોક્કસ એ ટી.વી. પર દર્શાવવી જોઈએ, એનું સત્ય પ્રગટ કરવું જોઈએ પણ એ નફરત કે નકારાત્મકતાથી નહી. વળી આવી આતંકી ઘટના પછી જે લાઈવ ચર્ચાઓ, સભાઓ, ડિબેટ યોજવામાં આવે છે તે પણ એટલી હદે ઉશ્કેરણીજનક કે વ્યક્તિગત વિચારધારાના સ્ખલનો ભરેલી હોય છે કે સામાન્ય લોકો એ ભાવનામાં તણાઈને એ પ્રવાહમાં, પ્રભાવમાં આવી જાય છે. ઘણી વખત પાકિસ્તાનના પત્રકાર, નેતા કે મૌલવીને ડિબેટમાં સામેલ કરીને મુદ્દાને વધુ ભડકાઉ, તેજ બનાવવામાં આવે છે. તો વળી કોઈ સામાન્ય ઘટનાને પણ ક્યારેક એવી રીતે હાઈલાઈટ કરવામાં આવે છે કે ૫ ખાસ તો રામજન્મભૂમિ વિવાદ, તીન તલ્લાક, જમ્મુ કશ્મિર સમસ્યા, આતંકી હુમલા, અલગાવવાદી ઘટના, ઉગ્રવાદી હુમલાઓ, આવા બધા મુદ્દાઓને ન્યૂઝ ચેનલોના એંકરો પોતાની જાતે મીઠું મરચું ભભરાવીને, ઘટનાને તીખી તમતમાટ બનાવીને લોકોને પીરસે છે. પરંતુ આ ટી.આર.પી.ના છૂપા યુદ્ધમાં ચેનલો એ નથી જાણતી કે પ્રજાના માનસમાં કોઈ ધર્મ, જાતિ કે સંપ્રદાય માટે ઝેર ભરાઈ જાય છે. ઈસ્લામીક મંચ, OIC માં ભારતને સ્થાન મળ્યું તો પણ બન્ને દેશોની મીડિયાની ભાષા એકબીજા માટે અપમાનજનક અને તૂચ્છકારજનક યોજાવાથી બન્ને દેશો વચ્ચેના રાજકીય સંબંધોને અસર કરે છે.

ઘણીવખત આ ચેનલો નેતાઓના ભાષણોમાંથી એકબીજા પ્રત્યે વેરઝેર વધે, દુશ્મની થાય એવા જ વાક્યો એડીટ કરીને–કોટ કરીને ટી.વી.પર દર્શાવવામાં આવે છે. તેથી પ્રજાને તો એ એડીટ કરેલા દશ્યો જ, વાક્યો જ વારંવાર સાંભળવા, જોવા મળે છે. બાકી ઘણી સકારાત્મક વાતો ટી.વી.પર આવતી હોતી જ નથી, પ્રજાને તો જે જોવા સાંભળવા મળે છે તેના ઉપરથી જ તે પોતાની વિચારધારા ઘડે છે. આવી રીતે કોઈપણ ચેનલ કોઈપણ પક્ષને, નેતાને, સમુદાયને કે વ્યક્તિને હીરો કે જીરો બનાવી શકે છે. આપણી ચેનલો પાકિસ્તાનના મંત્રીઓના ભારત વિરોધી નકારાત્મક બયાનોના વીડિયો શોધી શોધીને ટી.વી.પર દર્શાવી હિંદુસ્તાની પ્રજાના માનસમાં મુસ્લિમ વિરોધી ઝેર પણ ભરે છે પરંતુ પાકિસ્તાનમાં યે આજે પણ અસંખ્ય મુસ્લિમો ન.મો.ને ચાહે છે. ત્યાના આતંકવાદને ધિક્કારે છે, ત્યા પણ ''પાકિસ્તાન મૂર્દાવાદ, હિંદુસ્તાન જિંદાબાદ''ના નારા મુસ્લિમ પ્રજા ઝૂલુસ કાઢીને લગાવે છે. આવી ઘટનાઓ ત્યાની કે અહીની આપણી ચેનલો કેમ નથી દર્શાવતી ? ત્યાંના ઘણા નેતાઓ, મંત્રીઓ, મૌલવીઓ ત્યાંની સરકાર અને આતંકવાદીઓનો વિરોધ કરીને જાહેરમાં મોદી સરકારની પ્રસંશા કરે છે. પણ આ બધુ પ્રજા સામે નથી આવતું. બન્ને દેશની પ્રજાને યુદ્ધ નથી જોઈતું, પણ આ ચેનલો એવા પાંચ પચીસ ઝનૂની યુવાનોના કે નેતાઓના ભડકાઉ ભાષણો '' દેશના અવાજ ' રૂપે ટી.વી પર રજુ કરીને સરકાર પર દબાવ ઊભો કરે છે અને પ્રજામાં ભય ફેલાવે છે. પાકિસ્તાનમાં પણ શહીદ ભગતસિંહ ચોક બનાવવા માટે ત્યાંની સરકાર સામે ત્યાની પ્રજા લડે છે. પૂર્વરાષ્ટ્રપતિ મુશર્રફ પણ આપણા સચિન તેંડુલકર અને ધોનીના પ્રસંશક છે, પાકિસ્તાનમાં અનેક મંદિરોમાં, ઘરોમાં આજે ય સાંજે આરતી થાય છે. જો આવા પ્રસંગો ટી.વી.પર આવે તો આવા સમયે બન્ને દેશોની પ્રજાના માનસમાં એકબીજા પ્રત્યેની નફરત ઓછી કરીને સદભાવના જન્માવી શકાય છે. પણ આવી સત્ય ઘટનાઓ ક્યાંય ટી.આર.પી.ના યુદ્ધમાં દબાઈ જાય છે. ચીન આતંકી બાબતે ભારતને સાથ આપે તો પણ મીડિયા 'ચીન હિંદુસ્તાન કે સામને ઝૂક ગયા, કદમો મે આ ગયા' આવું કહીને ચીનને પણ ઉશ્કેરે છે. તો વળી સૈનિકોને નિષ્ઠા પ્રત્યેના વિપક્ષોના પ્રશ્નો, સર્જીકલ સ્ટ્રાઈક, કશ્મીર મુદ્દો, રામજન્મભૂમિ, કોઈ ભાષણ, રેલી, ઉત્સવ, તહેવારો કે કોઈ દૂર્ઘટના... આ બધામાં રાજનીતિક કે સામાજિક વાતાવરણ ગંદુ કરવામાં આજનું મીડિયા મહત્વનો ભાગ ભજવે છે. દેશની ઈન્ટરનેશનલ ઈમેજ પણ ઘણીવાર આ મીડિયાના રિપોર્ટ ને કારણે બગડે છે, જેનું પરિણામ આપણે તાજેતરમાં જોયું કેચીને મસૂદને આંતરરાષ્ટ્રીય આતંકી ઘોષિત કરવા માટેના પ્રસ્તાવ પર વિચારવાનો સમય માગ્યો. તો પાછી મીડિયાની ભાષા જુદી. અમુક ચેનલો તો દિવસ રાત કશ્મીર, આતંકવાદ, પથ્થરમારો, હિંદુ, મુસલમાન, મદરેસા, સૈનિકોની શહીદી, જેવા મુદ્દાઓ ખુબ જ ભડકાઉ ભાષામાં રજુ કરીને પ્રજાને ગેરમાર્ગે દોરે છે. આવી જ સ્થિતિ પાકિસ્તાન ટી.વી.ની છે. પાક ટી.વી.ના હેડિંગ જોઈએ તો '' ગલી કા ગીધડ, ટી.વી.પર શેર/ ઘરમે દહાડ, મેદાનમે ઢેર / તો વળી ભારતીય આર્મી માટે '' બકરી જવાન/ ગીર પડે નાલાયક, ડરપોક કહી કે/ અબ હિંદુસ્તાન મરેગા/ ટમાટર કા જવાબ એટમબોમ્બ સે હી દિયા જાય/ ભારતીય ભગોડા ફૌજ તો ભાગને કી ટ્રેનિંગ લેતી હૈ/ હૂમલા કિયા તો ડરપોક ફૌજીઓ કો કાંપતે દેખા/ મજબૂર કરોગે તો કાટ ડાલેંગે '' આવી વિષૈલી ભાષા પાકનું મીડિયા પણ પાક પ્રજાના માનસમાં હિંદુસ્તાની પ્રજા માટે ઝેર ભરે છે.

હિંદુસ્તાનમાં યે અનેક મુસ્લિમો રાષ્ટ્રપ્રેમી છે, ખુદ ટી.વી. ચેનલોમાં જ ઘણા શિક્ષિત મુસ્લિમ પત્રકારો પૂરી નિષ્ઠાથી અયોધ્યામાં રામ મંદિરની ગૌરવગાથા અને આતંકી ઘટનામાં પાકની નાપાક કરતૂતો વર્ણવે છે. આ બધુ પણ જોવું જોઈએ. ઘણીવાર દેશહિત માટે થઈને સત્ય પણ છૂપાવવું પડતું હોય છે. પરંતુ રાષ્ટ્રનું જે થવું હોય તે થાય, પોતે જે રજુ કરે છે તે જ સત્ય છે એવું માનીને એને પ્રજા સમક્ષ પ્રસ્થાપિત કરવા એક નાના સત્યને અનેક વળ ચડાવીને લોકોમાં ઉશ્કેરાટ વ્યાપે એવા સ્વરૂપે બતાવવું એ કેવું પત્રકારિત્વ છે ?

આજકાલ રાજસત્તા અને ધર્મસત્તા કરતાંય પત્રકારત્વની સત્તા વધુ તેજ અને ધારદાર બની ગઈ છે. આ ચેનલોનું નેટવર્ક દુનિયાભરમાં પથરાઈ ચૂક્યું છે. પોતાની ચેનલને શ્રેષ્ઠ બતાવવા દુનિયાભરની કેટલીયે ચેનલો આખી દુનિયાને ત્રીજા વિશ્વયુદ્ધ તરફ દોરી રહી હોય એવું લાગે છે. જો વિશ્વની બધી જ ચેનલો માત્ર બે ત્રણ વર્ષ કોઈપણ જાતના નેગેટિવ સમાચારો – વીડિયો દર્શાવવાને બદલે માત્ર પ્રેમ, સંવેદના, માનવતા, સત્ય, સજ્જનતા, પ્રામાણિકતા, સંસ્કાર, સંસ્કૃતિ, ભાઈચારો, શિક્ષણ, કોમી એકતા, વિજ્ઞાન, વિકાસ, સાહિત્ય, કલાઓપ આવા જ વિષયોના જ સમાચારો, ઘટનાઓ કે પ્રસંગો કે ચર્ચાસભાઓ કે ડિબેટ પ્રસારિત કરે તો ત્રણ વર્ષમાં આખું વિશ્વ એક થઈ જાય અને સમગ્ર વિશ્વમાં ભાઈચારો અને માનવતા વ્યાપી રહે.

9426060601.india@gmail.com

વેલકમ ટુ 'ઈલેકશન - ૨૦૧૯'

રજ્જળપાટ

અજય ઉપાધ્યાય

નગારે ઘા લાગી ચુક્યો છે... ચોકઠાં ગોઠવાઈ રહ્યા છે...આયારામ-ગયારામ ભજવાઈ રહ્યું છે..એકબીજાને ભરી પીવાના હુંકાર માટે સભાઓ ગોઠવાઈ રહી છે... શામ-દામ-દંડ-ભેદને તો હજુ વાર છે પણ એની આગોતરી તૈયારીઓ ચાલુ થઈ ગઈ છે... 'અમે જ શ્રેષ્ઠ' કે 'પેલા તો સાવ નકામા છે' એવું લોકોના દિમાગમાં ઠસાવવા માટે શબ્દોના તીરો તૈયાર થઈ ચુક્યા છે... તોતિંગ જાહેરાતો અને પ્રાયોજિત સમાચારો ટીવી-રેડિયો-છાપા-સોશિયલ મીડિયા દ્વારા સતત ફેંકતા રહીને આબોહવા બનાવવાની રણનીતિઓ બની રહી છે...બે હાથ જોડીને નતમસ્તક થઈને (મત ની) આજીજી કરવાની શરૂઆત થઈ ચુકી છે... અને આ બધાના સાક્ષી બનવા હું અને તમે એવા કરોડો મતદારો તૈયાર છીએ....વેલકમ ટુ ધ વર્લ્ડ'સ કોસ્ટીએસ્ટ ઈલેકશન કેમ્પેઈન...! વિશ્વની સૌથી ખર્ચાળ ચૂંટણીઓમાં તમારું સ્વાગત છે...!

ખર્ચાળ-બર્ચાળની વાત છોડો પણ આવનારા બેએક મહિના સુધી આખીયે દુનિયાની નજર લોકશાહી દેશની અભૂતપૂર્વ કહી શકાય એવી ચૂંટણી પ્રક્રિયા અને ખાસ તો એનું કોણ વિજેતા બને છે એના પર રહેશે. એક બાજુ સર્જીકલ અને એર-સ્ટ્રાઈક પછી વધુ વિશ્વાસમાં આવી ગયેલ મોદી અને એનડીએ છે તો બીજી તરફ તાજેતરમાં જ ત્રણ રાજ્યોમાં સત્તાવાપસીનો સ્વાદ ચાખી ચૂકેલ કોંગ્રેસ અને યુપીએ છે... એક તરફ ફિર સે એકબાર સરકાર બનાવવા કોન્ફીડેંટ મોદી છે તો બીજી તરફ પ્રિયંકાના ઉમેરા સાથે મોદીને માત આપવાનો વિશ્વાસ રાખનાર ગાંધી ખાનદાન અને કોંગ્રેસ છે....એક તરફ દેશભક્તિ અને રાષ્ટ્ર સુરક્ષા જેવા મુદ્દાઓ છે તો બીજી તરફ 'કહા ગયે અચ્છે દિન ?' ના સવાલો છે... હિન્દી ક્રિકેટ કોમેન્ટ્રીની સ્ટાઈલમાં કહેવું હોય તો એમ કહી શકાય કે 'મુકાબલા કાંટે કા હૈ !'

કોંગ્રેસ 'મહાગઠબંધન' ની આશા સાથે આ કાંટે કા મુકાબલામાં જંપલાવી ચુકી છે એની ના નહિ પણ આ મુકાબલામાં ૨૦૧૪ની જેમ જ હાર અને જીત વચ્ચે એક મોટું ફેક્ટર છે અને એ છે ખુદ મોદી..! અત્યાર સુધીની મોટાભાગની ચૂંટણીમાં આપણે જોયું છે કે કોઈ એક મુદ્દા પર ચૂંટણી લડાતી હોય છે પછી ચાહે એ 'ગરીબી હટાવો હોય કે 'અચ્છે દિન આયેંગે' હોય. જો શરૂઆત કોંગ્રેસથી કરીએ તો રાહુલ ગાંધી અને હવે પ્રિયંકા ગાંધીના ઉમેરા સાથેની કોંગ્રેસ પાસે ઠોસ કહી શકાય એવા મુદ્દાની સો ટકા ઉણપ છે. બેરોજગારી કે કિસાનોના મુદ્દા મોદી સરકારની છેલ્લે છેલ્લે આવેલી કિસાન યોજનાઓ પછી એટલા કારગત નીવડી શકશે નહિ એ હકીકત છે બીજું કે રાહુલબાબાનો રાફેલ બોમ્બ પણ ઈલેકશન મુદ્દો હરગીજ કહી શકાય નહિ જ કેમકે હજુ એમાં મોદીસરકારને ગુનેગાર ચીતરી શકાય એવું કોઈ ઠોસ કારણ બહાર આવ્યું નથી. રાહુલ અને કોંગ્રેસ રાફેલને સેના અને સૈનિકો સાથે જોડીને એક ભાવનાત્મક વાત બનાવવાની કોશિશ કરે છે પણ બાલાકોટ પ્રકરણ પછીથી દેશભક્તિ અને મોદીસરકારે લીધેલા આ ત્વરિત આક્રમક નિર્ણય પાસે રાહુલબાબાનું રાફેલ બાણ નિષ્ફળ નીવડી રહ્યું છે.

સામે છેડે નોટબંધી, જીએસટી અને 'કહા ગયે અચ્છે દિન ?' જેવા સવાલોનો માર ખમી રહેલા ભાજપ માટે પણ મે-૨૦૧૯મા સત્તાનું સિંહાસન હાસિલ કરવું એટલું આસાન પણ નથી. અને એમાયે આ વખતની ચૂંટણી વિપક્ષો મોદીની લીડરશીપ પર પ્રશ્નાર્થ તરીકે લડી રહ્યા છે એવામાં મોદી અને એનડીએ એડીચોટીનું જોર લગાવી દેશે એ નક્કી છે. ત્રણ રાજ્યોમાં પોતાની વિરુદ્ધમાં ગયેલા પરિણામોએ કદાચ બીજેપીની આંખ વહેલી ઉઘાડી દીધી છે અને એનો જ પડઘો બજેટમાં અને કિસાનોને રાહતમાં દેખાય આવ્યો હતો. કોંગ્રેસના શાસનમાં થયેલા ભોરીંગ ભ્રષ્ટાચારો અને એનાથી પણ ખખડી ગયેલી સીસ્ટમને દુરસ્ત કરતા કમ સે કમ ૧૦ વર્ષો લાગશે એવું કહીને જ ૨૦૧૪મા સત્તામાં આવેલ બીજેપી માટે હવે પછી ૨૦૧૯ કબજે કરવું એટલા માટે પણ જરૂરી છે કે હવે પછીના વિકાસકામો વધુ ઝડપથી થાય.

કોણ સત્તામાં આવી શકે છે એના વિષે તો પછીના કોઈ આર્ટીકલમાં ચર્ચા કરીશું જ પણ આવો જોઈએ ચુનાવી દંગલના આ પ્રારંભિક દોરમાં કોણ છે આગળ ? શું છે પ્લસ પોઈન્ટ્સ ? શું છે નબળાઈઓ ? અને શું છે શક્યતાઓ ? ઑબ્વીય્સ્લી શરૂઆત બીજેપી/એનડીએ થી. મોદીની એક નિર્ણાયક નેતા તરીકેની છબી બની છે એટલું જ નહિ પણ એર-સ્ટ્રાઈક પછી એ છબીમાં ઓર વધારો પણ થયો છે. રાંધણગેસ – જનધન-આયુષ્યમાન યોજના જેવી યોજનાઓ થકી ગરીબલક્ષી સરકારની છાપ પડી છે. ભાજપ પાસે અમિત શાહ જેવા મુત્સદી અને દાવપેચમાં માહિર પ્રમુખ છે એ પણ એનો પ્લસ પોઈન્ટ છે અને ખાસ તો ૨૦૧૪ ની જેમ ભાજપ મોદી વિરુદ્ધ વિપક્ષો એવા મોડમાં ચૂંટણી પ્રચારને લાવી શક્યો છે જેમ અમેરિકામાં પ્રેસીડેન્સીયલ ઈલેકશન થાય છે બિલકુલ એવું જ...!! તો સામે કોંગ્રેસના પ્લસ પોઈન્ટમાં ૨૦૧૪ પછી કદાચ પહેલી વખત કોંગ્રેસ ત્રણ રાજ્યોની જીત પછી વધુ કોન્ફીડેંટ છે એટલું જ નહિ પણ એ વિજયના લીધે જ રાહુલ ગાંધી કોંગ્રેસના સર્વમાન્ય નેતા તરીકે ઉભરી આવ્યા છે એટલું જ નહિ પણ એને લીધે જ ભાજપના ' કોંગ્રેસમુક્ત ભારત' અભિયાનને બ્રેક મારવામાં પણ સફળ રહ્યા છે અને ખાસ તો મોદીને હટાવવા 'ગઠબંધન' માટે પણ તૈયાર થયા છે એટલું જ નહિ પણ એવું લાગે તો સમય આવ્યે પીએમ પદ પર કુરબાન કરી દેશે એવું કહી ચુક્યા છે! ઈનશોર્ટ અત્યારે કોંગ્રેસનું મોરલ હાઈ છે...!

મોરલ હાઈ તો છે પણ ૨૦૧૪મા જે રીતે મોદીએ આખાયે દેશમાં કોંગ્રેસ વિરુદ્ધ એક આક્રોશનો ભાવ ફેલાવેલો એવો કોઈ જુવાળ મોદી વિરુદ્ધ બનાવવામાં હજુ સુધી તો કોંગ્રેસ સફળ થયેલ નથી. બીજું કે કોંગ્રેસ સરકારમાં થયેલા કૌભાંડોને લીધે ભ્રષ્ટાચાર પર આક્રમક તેવર અપનાવી શકે એમ છે નહિ અને ખાસ તો જેમ ૨૦૧૪મા મોદી પાસે મુદ્દા હતા એવા કોઈ ખાસ કહી શકાય એવા મુદ્દા હાલતુરંત તો કોંગ્રેસ પાસે છે નહિ એટલે 'મોદી હટાવો' જેવા એકસૂત્રી કાર્યક્રમને પ્રજા કેટલી મહોર મારે છે એ તો સમય જ કહેશે. તો સામે છેડે લઘુમતી- દલિતો પર અત્યાચારો, બેરોજગારી, જીએસટી, નોટબંધી જેવા નિર્ણયોને લીધે અળખામણી થયેલી એનડીએ ને જો વિપક્ષો એક થઈ શકે તો પોતાની સીટોમાં મોટો ઘટાડો આવી શકે છે ની ચિંતા પણ સતાવી રહી છે એ ચોક્કસ છે. જોકે રાહતની વાત એ છે કે વિપક્ષો એક થઈ શકે એવી કોઈ શક્યતા અત્યારે નથી જ કેમકે દરેકને સંભવિત સત્તામાં મોટો ભાગ જોઈએ છે અને એ માટે તડજોડ કરવા ગઠબંધન થી દુર રહેવું અત્યારે તો અનેક નાની પાર્ટીઓને યોગ્ય લાગે છે અને જ્યાં પણ જોડાણ થયું છે તે ક્ષેત્ર પુરતું જ છે બાકી બીજા રાજ્યોમાં એ જ પાર્ટીઓ સામેસામે લડવાની છે...!

હવે વાત રહી શક્યતાની તો એનડીએ પાસે ટેક્ષ રીફોર્મ, પેન્શન સ્કીમ, આયુષ્યમાન યોજના, જનધન અને ખાસ તો પાકિસ્તાનને આપેલ કરારા જવાબની જમાપુંજીની સાથે સાથે મોદી જેવા કરિશ્માઈ અને સર્વમાન્ય નેતા અને 'સ્થિર અને બહુમતવાળી સરકાર' નો નારો અને આશાવાદ છે તો સામે છેડે કોંગ્રેસ/યુપીએ પાસે કિસાનોને કર્જમાફી જેવા વાયદાઓ, અનેક રાજ્યોમાં નાની પાર્ટીઓના સહારે જીતવાની આશા અને ઘણી સીટો પર બીજેપી સાંસદો સામે એન્ટી ઈન્કર્બન્સી નો લાભ લેવાની આશા છે અને હા આ બધા વચ્ચે એસપી-બીએસપી-ટીએમસી જેવી પાટીઓ શું ફાયર મારી શકે છે એ તો પરિણામ વખતે જ ખબર પડશે પણ અત્યારે તો એનડીએ અને યુપીએ ની આ લડાઈ ૨૦૧૪ ની જેમ વન સાઈડેડ થાય છે કે પછી રાહુલ + મેની મોર કશુક ઉલટું જ પરિણામ લાવે છે એના વિશ્લેષણ માટે ૧૧ એપ્રિલથી શરુ થતી ઈલેકશન એક્સપ્રેસ અર્ધે પહોચે ત્યાં સુધી તો રાહ જોવી જ રહી...!